**દાહોદ ટાઉન બી ડીવીઝન ગુ.ર.નં.11821053260312/2026 ના કામે મુદામાલ અરજી બી.એન.એસ.એસ.૪૯૭ લગત હુકમ.**

**આક્ષેપીત કલમ: બી.એન.એસ.કલમ–૩૦૫(એ), ૩૩૧(૪) મુજબ.**

વિ.એ.પી.પી.શ્રી અરજદાર તરફે વિ.વ.શ્રી એમ.કે.બીલવાળ

.........................................................................

**૧.** સદર કામે હાલના **અરજદાર આશાબેન પારસીંગભાઈ વસૈયા, રહે. જાફ ફળીયુ, જાફરપુરા, તા.ઝાલોદ, જી.દાહોદ. હાલ રહે. જીવનદિપ સોસાયટી, ઝાલોદ રોડ, દાહોદનાઓએ** ઉપરોકત ગુનાના કામે કોઈ અજાણ્યા ચોર ઈસમો ઘરમાં પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના ચોરી કરી લઈ ગયેલ હોવાની પોલીસ ફરીયાદ આધારે નીચે જણાવેલ દાગીના પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

| | |
|---|---|
| મુદામાલનું વર્ણન | ૧. એક સોનાનું મંગળસુત્ર<br>૨. એક સોનાની ચેઈન<br>૩. ચાંદીના મોટા પાયલ જોડ એક<br>૪. એક સોનાનું પેન્ડલ<br>૫. બે જોડ ચાંદીના નાના પાયલ<br>૬. નાની ચાંદીની બે બંગડી<br>૭. એક ચાંદીની વીટી |
| એફ.આઈ.આર. | રજુ છે. |
| દાગીનાના બીલો | રજુ છે. |
| અરજદારના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ | રજુ છે. |
| અભિપ્રાય | રજુ છે. |

**૨.** આ કામે તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય મંગાવવામાં આવેલ છે જેમાં તપાસ કરનાર અમલદારે જણાવેલ છે કે ચોરીમાં ગયેલ મુદામાલ સોનાનું મંગળસુત્ર, સોનાની ચેઈન, સોનાનું પેન્ડલ, મોટા છડા જોડ

નંગ–૧, નાના છડા જોડ નંગ–૧, ચાંદીની વીટી નંગ–૧, પાયલ જોડ એક તથા ચાંદીની બગડી નાની નંગ–ર આરોપીઓ પાસેથી કબજે લેવાયેલ છે તથા મુદામાલ ફરીયાદીને પરત આપવા રજુઆત કરેલ છે. વધુમાં આ કામે આરોપીઓની નો–કલેમ પુરસીસ આંક–૭ અને આંક–૮ થી રજુ કરેલ છે તે જોતાં મુદામાલ ફરીયાદી/અરજદારને આપી દેવામાં આવે તો કોઇ વાંધો નથી તેમ જણાવેલ છે.

**૩.** આ કામે અરજદાર તરફે આંક–૦૩ ના લીસ્ટથી નિ.૩/૧ થી એફ.આઇ.આર.ની નકલ, નિ.૩/ર થી અરજદારના આધાર કાર્ડની નકલ, નિ.૩/૩ થી સોનાની ચેઇન અને સોનાનું મંગળસુત્રના બીલની ઝેરોક્ષ, નિ.૩/૪ થી અરજદારના સસરા ગુલાબસીંહ ગરાસીયાનું મરણનું પ્રમાણપત્ર, નિ.૩/૫ થી અરજદારનું મેરેજ સર્ટી, નિ.૩/૬ થી ચાંદીના ફેન્સી છડા એક જોડ, ચાંદીના છડા એક જોડ નાના, ચાંદીની વીટીના બીલની ઝેરોક્ષ અને નિ.૩/૭ થી સોનાના પેન્ડલના બીલની ઝેરોક્ષ રજુ કરેલ છે જે પૈકી નિ.૩/૬ અને નિ.૩/૭ થી રજુ થયેલ બીલો અરજદારના નામના છે. જયારે નિ.૩/૪ થી રજુ થયેલ બીલ અરજદારના સસરાના નામે છે જેઓ મરણ ગયેલ છે. વધુમાં અરજદાર તરફે મુદામાલ સબબ મોબાઇલમાં લીધેલ પ્રિન્ટ આઉટ રજુ કરેલ છે.વળી, આ કામે અરજદાર સિવાય અન્ય કોઇ ઇસમે આ મુદામાલનો કલેઇમ કરેલ નથી તેમજ અન્ય કોઇ ગુનાનો આ મુદામાલ હોવાનું જણાઇ આવતુ નથી.

**૪.** આમ, આ કામે રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેતાં સદરહુ મુદામાલની માલીકી અરજદારની હોવાનું ફલીત થાય છે અને તેથી અરજદારને યોગ્ય શરતોને આધીન મુદામાલ પરત સોંપવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઇ રહેશે તેમ હું માનુ છું અને તેથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

– **બી.એન.એસ.એસ. ૪૯૭** મુજબ મુદામાલ પાવીતીમાં જે દાગીના બતાવેલ છે તે અરજદારે માંગેલ હોય અને પુરતી રીકવરી થયેલ હોય તો, અરજદાર/ફરીયાદીએ મુદામાલ પાવતીમાં જણાવેલ રકમથી દોઢી રકમના જામીન તપાસ કરનાર અધિકારી પાસેથી રજુ કરેથી નીચેની શરતોને આધીન પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

– **શરતો:– અરજદારે ત.ક.સમક્ષ.**

**૧.** સદરહુ મુદામાલના ફોટા પડાવી તેની એક કોપી પો.સ્ટે.માં તથા એક કોપી એમ.ઓ.બી.શાખામાં પંચનામુ કરાવીને રાખવી અને એક કોપી કોર્ટમાં મોકલી આપવી.

**૨.** આ દાગીના પીગાળવા નહી તેની રણી બનાવવી નહી તેમજ આ દાગીના કોઇને ટ્રાન્સફર કરવા નહી.

**૩.** પોતાના રહેઠાણનું તથા ધંધા/નોકરીનું સરનામુ પુરૂ પાડવું. હુકમની યાદી કરવી.

હુકમ આજરોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫/૦૭/૨૦૨૬
સ્થળ: દાહોદ

**(પ્રિતેશ એલ.પટેલ)**
**એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**દાહોદ– જીજે૦૦૮૯૦**